# <u>અધિક જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ, નવસારી</u>

---------------------------------------

ક્રિમીનલ કેસ નં ૧૦૨/૨૦૨૦

---------------------------------------

**આંક-૧ લગત હુકમ**

આ કામના ફરીયાદીએ આરોપી સામે ચેક પાછો ફર્યા બાબતે ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની કમલ ૧૩૮ની ફરીયાદ આપેલી. જે અનુસંધાને આરોપીને સામે પ્રોસેસ કાઢતા ઉપરોક્ત નંબરથી કેસ દાખલ થયેલ. જેમા ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થતા હાલની આ ફરીયાદ આ કામના ફરિયાદી તર્ફે **<u>આંક-૨૧</u>** થી ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઈ હાલની ફરિયાદ પરત ખેચવાની પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

સદર પરશીશ ધ્યાને લેતા ફરીયાદીને રૂબરૂ પુછવામાં આવતા તેઓ હાલની ફરીયાદ સ્વેચ્છાએ પરત ખેંચવા માંગતા હોઈ અને આ કેસ વિડ્રો થતા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવશે તેવુ જણાવતા તેમને તે અંગે વાંધો ન હોવાનુ જણાવેલ છે. હાલનો કેસ તે રીતે વિડ્રો તરીકે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા કેસ ફરીયાદી દ્વારા પરત ખેંચવામાં આવેલ હોય આ કામના આરોપીને આજની લોક અદાલતમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કેસમાં આરોપી અને ફરિયાદી વચ્ચે સમાધાન થયેલ છે જ્યારે આરોપી ગરીબ વર્ગના માણસ છે અને ફરિયાદી તેઓને કોઈ દંડ કરાવવા માંગતા નથી તેવી રજુઆત કરેલ છે. જેથી આરોપીની આર્થિક પરીસ્થિતી ધ્યાને લેતા અને ફરિયાદી કોઈ દંડ કરાવવા માંગતા ન હોઈ આોરપીને કોઈ દંડ કરવામાં આવતો નથી.

આરોપીએ અગાઈ બેઈલ-બોન્ડ રજૂ કરેલ હોય તો, તે રદદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા:- ૧૧/૦૭/૨૦૨૬
લિંબડી

**મોહિત આર. ત્રિવેદી**
અધિક, જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ,
લિંબડી
(જજ કોડ- જીજે૦૧૫૭૫)